શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

રજી. નં. બી. ૪૨૬૬

૧

# પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૧૦
અંક : ૭

મુંબઈ: ૧ ઓગસ્ટ ૧૯૪૮ રવિવાર

વાર્ષિક લવાજમ
રૂપિયા ૪

## દેવદ્રવ્યનો પ્રશ્ન—કાળબળની એંધાણી

ભગવાન મહાવીરના સમયમાં અને ત્યાર બાદ લાંબા સમય સુધી દેવદ્રવ્ય જેવો કોઇ પ્રશ્ન જ ઉભો થયો નહોતો, તેથી જ આગમાદિ મૂળભૂત પ્રાચીન ગ્રંથોમાં એનો ઉલ્લેખ સરખો મળતો નથી. પણ ત્યાર બાદ સમય જતાં ભકિતમાર્ગી સંપ્રદાયોની અસરને લીધે મૂર્તિ—મંદિરેને વિશેષ મહત્વ મળ્યું હોય એ બનવા જોગ છે. આંગી, મુગટ, વરઘોડાદિ વૈભવ પ્રક્રિયાઓએ તો શૃંગાર-પ્રધાન ભકિતમાર્ગની જ અર્વાચીન અસર છે એ તો આપણે કબુલ્યા સિવાય છૂટકો જ નથી. બહુધા આ કાળમાં જ દેવદ્રવ્ય જેવી વ્યવસ્થા સમાજે નિર્માણ કરી હતી અને તે કાળમાં એ યોગ્ય પણ હતી. બાકી દેવદ્રવ્યના વાપર સંબંધી જે કડક વિધિવિધાનો પાછળથી ઉભા કરવામાં આવેલ છે એ આપણા પક્ષે આપણી જાંઘ ઉઘાડી કરવા જેવી શરમકથા પણ હોય. દેવદ્રવ્ય ખાતાની એકાદ ઇંટ પણ જો ભૂલથી આપણા ઘરમાં વપરાઇ જાય તો અનંત પાપના ભાગીદાર બનવાનું દુર્ભાગ્ય પ્રાપ્ત થાય એવું જે કડક વિધાન કરવામાં આવ્યું છે તે એટલું જ સિદ્ધ કરે છે કે એ કાળમાં પણ આપણે સખણા નહી રહ્યા હોઇએ. વણિક સ્વભાવની નાડ પારખીને જ એ પૂર્વપુરૂષોએ આવી કડક આજ્ઞા મૂકી હશે એવો સીધો સાદો અર્થ તારવવાને બદલે આજે આપણે એ સ્થુલ અર્થને બરાબર વળગી રહી જે કદાગ્રહ—રૂઢી અને કૂપમંડુકતાનું પ્રદર્શન કરીએ છીએ એ આપણામાં સમયજ્ઞતા અને દીર્ઘદૃષ્ટિની કેટલી ખામી છે એનું માપ બતાવે છે.

એક વાત તો ચોક્કસ છે જ કે દેવદ્રવ્ય એ શાશ્વતધર્મ નથી, એ વ્યવહારધર્મ છે. શાશ્વત ધર્મ બદલી શકાતો નથી, પણ વ્યવહારધર્મ તો દ્રવ્ય—ક્ષેત્ર—કાળ—ભાવ મુજબ બદલી શકાય છે. આપણો ધર્મઇતિહાસ પણ એવા અનેક ભવ્ય દૃષ્ટાંતોથી ભર્યો પડયો છે. પણ મુશ્કેલી એ છે કે જ્યારે દ્રવ્ય—ક્ષેત્ર—કાળ—ભાવને બધા જ કબુલ રાખે છે અને પોતાનું દૃષ્ટિબિંદુ પણ એના આધારે જ છે એમ કહે છે, ત્યારે કોનું દૃષ્ટિબિંદુ વધારે યોગ્ય છે અને બીજાને ગળે એ કેમ ઉતારી શકાય એ મહત્વનો સવાલ થઇ પડે છે. કારણ કે ધર્મશાસ્ત્રો એ તો સાગરરૂપ છે. જેને જે જાતનાં પ્રમાણો જોઇએ તેને એનો આધાર તેમાંથી મળી રહે છે અથવા તો એ પોતાનામાં ગમતી વૃત્તિઓ પ્રમાણે શાસ્ત્રપ્રમાણોનો અર્થ ઘટાવી લે છે. રાગદ્વેષ જેટલા પ્રમાણમાં કમ અને જેટલા પ્રમાણમાં સમાજસેવાની સાફદિલ-વૃત્તિ વધારે તેટલા પ્રમાણમાં એના ઘટાવેલા અર્થો ધર્મસમીપ હોવાનો સંભવ ગણાય. છતાં એનું સાચું અંતરમાપ કોણ કાઢી શકે? અને દ્રવ્ય—ક્ષેત્ર—કાળ—ભાવની યોગ્યતા પણ કેવી રીતે પુરવાર કરી શકાય? એથી આપણી પાસે એક જ માર્ગ રહે છે કે આપણે અન્ય શાસ્ત્રો તરફ વળી બીજાઓના મન્તવ્યો તથા અભિપ્રાયોને સાક્ષી બનાવવા જોઇએ તેમ જ ધર્મની મૂળભૂત આધાર ભૂમિકા કઇ એ પણ લક્ષમાં લેવું જોઇએ.

પ્રથમ આપણે ધર્મનું મૂળ રહસ્ય ઉકેલવાની ચાવી જે શાસ્ત્રોમાં સચવાઇ રહી છે તે વિચારીએ તો જણાશે કે અતિ પ્રાચીન કાળમાં યુગલિકો હતા. ત્યારે નહોતી તેમનામાં અસમાનતા, નહોતો વર્ણભેદ, ન ઉચ્ચનીચતા, ન ધર્મ કે ન સમાજ. લોકો પુરા સુખી હતા. સમયાન્તરે જ્યારે એમનામાં વિષમતા આવી ત્યારે દંડ—ગુન્હાના કાયદા આવ્યા, રાજાઓ આવ્યા, નેતાઓ પણ આવ્યા. આ વિષમતા જ્યારે ઉગ્ર સ્વરૂપે ફાટી નીકળી ત્યારે ધર્મનું પ્રાગટય થયું હતું. આમ સમાજના સુખસંવર્ધન માટે જ ધર્મનું આગમન હતું. ત્યાંસુધી એટલે કે ૪૨ કોટાનકોટી સાગરોપમ જેટલા કાળમાં ૪૧ સાગરોપમ જેટલા સમય સુધી નહોતો ધર્મ, નહોતા મુનિઓ કે નહોતા તીર્થંકરો. આ કથાનક એટલું જ સિદ્ધ કરે છે કે ધર્મનું પ્રાગટય સમાજવિષમતા મટાડવા માટે હતું. એથી સમાજવિષમતા મટાડવી એ જ ધર્મ છે. ભગવાન મહાવીરે પણ એને સમાજ-સેવાના નામે તપશ્ચર્યા કહી ઉત્તમોત્તમ ભકિત કહી છે (ભગવતી સૂત્ર)

ધર્મનું આ સારભૂત રહસ્ય આપણને વિચારની નવી દૃષ્ટિ આપે છે. જો આ વિચારણા યથાયોગ્ય હોય તો જે રીતે સમાજની વિષમતા દૂર થાય અને સમાજ સુખસંવર્ધનના માર્ગે આગળ ધપે એવા માર્ગને જ ધર્મ કહી શકાય. બાકી જ્યાં એથી વિપરીત પરિસ્થિતિ વધતી જણાય ત્યાં ધર્મ 'ધર્મ' નથી રહેતો. એ કોઇ વાર અધર્મનું રૂપ પકડે છે તો કોઇ વાર એ ધર્મની વિકૃતિરૂપે પરિણમે છે.

હિન્દુધર્મશાસ્ત્રે પણ આ જ વિચારસરણીને વજન આપ્યું છે.

नाहं कामये राज्यं, नाहं चापि पुनर्भवम् ।
कामये दुखतप्तानां प्राणीनामार्तिनाशनम् ॥

'મારે રાજ્યની ઇચ્છા નથી, પૂનર્જન્મની પણ ઇચ્છા નથી. દુખતપ્ત પ્રાણીઓનું દુઃખશમન થાય એ જ મારી કેવળ કામના છે.' આ મુજબ કલ્યાણભાવનાને જ ધર્મ કહેવામાં આવ્યો છે.

બૌદ્ધશાસ્ત્રો જોઇએ તો:—

ભગવાન બુદ્ધ એકવાર વેણુવનમાં રહેતા હતા ત્યારે એક શિકારી જંગલમાં ખુબ રખડી ભગવાન પાસે આવી ચડયો અને હાશ કરી હેઠો બેઠો. મધ્યાન્હ સમય હતો, પરિશ્રમથી થાકેલો હતો અને ભુખ્યો પણ થયો હતો.

ભગવાને આનંદને કહ્યું 'હે આનંદ! કંઇ વધ્યું ઘટયું છે?

આનંદ હા, ભગવન!

બુધ્ધ—તો એને જમાડ.

જમ્યા બાદ ભગવાને એને બોધ આપ્યો ને એ ભિક્ષુસંઘમાં જોડાઇ ઉત્તમ ભિક્ષુ બન્યો.

આ કથાનકદ્વારા ભગવાન બુધ્ધે એક નવો પાઠ શીખવ્યો છે

કે ભુખ્યાંને પ્રથમ જમાડો અને પછી એને બોધ કરો. ભુખ્યા પેટે ધર્મ ગળે ઉતરે નહી. કોઇવાર તો એ અત્યંત અણગમાનું પણ કારણ બને. ભર્યા પેટે જ ધર્મ સમજાય છે અને હૃદયગત બને છે. ચિત્તસ્થિરતાનો આધાર સંતોષી સુખીજીવન છે; અને ચિત્તસ્થિરતા સિવાય ધર્મ ક્યાંથી ફળે? એ સ્થિતિ જ ધર્મની આધારભૂમિકા છે.

આમ બધાં આર્યદર્શનો જીવનની મધ્યમ સ્થિતિને ધર્મની ભૂમિકા માને છે એમાં ન હોય વૈભવની છોળ કે ના હોય પરિમિત જરૂરિયાતની તંગી. વૈભવની છોળ પાપ છે તેમ તંગી પાપનો પિતા છે. એક વિલાસ, અભિમાન, સત્તાશોખ અને ઘમંડને પોષે છે. બીજામાં ચોરી, જૂઠ, કૃપણતા અને ઇર્ષાને અવકાશ છે. અકિંચન ત્યાગવૃત્તિની તેમ જ કોઇ સંસ્કારી વિરલ આત્માની વાત જુદી છે. બાકી જરૂરિયાત જેટલું પ્રાપ્ત થવું યા વધારે સાચી રીતે કહીએ તો જરૂરિયાતનું પ્રમાણ ઘટાડતા જઇ સંતોષી જીવન જીવવા જેવી પરિસ્થિતિ નિર્માણ કરવી એ જ ધર્મની સાચી આધારભૂમિકા શકે તેમ છે. સંતોષી સાદું જીવન જ ધર્મ પામી શકે છે. અકરાંતીયાને કે ભૂખ્યાને તો અજંપો જ હોય. એને ન હોય શાંતિ, ન હોય ધર્મ કે ન હોય સ્થિરતા. અસ્થિર ચિત્તને ધર્મ ન હોય અને ભૂખ્યાંને ચિત્તસ્થિરતા ન હોય.

આજનો જૈન સમાજ એકબાજુ ધનિકતામાં રાચે છે તો બીજી બાજુ દરિદ્રતામાં સબડે છે. કાં તો એ આ બાજુ કે કાં તો એ બીજી બાજુ એમ બન્ને તરફ પાપદૈત્યની દાઢમાં જ પીસાતો હોય છે. આવી પરિસ્થિતિમાં કયા પાયા ઉપર ધર્મની ભવ્ય ઇમારત ઉભી થઇ શકે? મુડીદાર વર્ગને દુઃખની કલ્પના ન હોઇ શકે, કદાચ હોય તો પણ તે ઉપરછલી. એટલે જ એને જે થવી જોઇએ તેવી લાગણી પ્રગટતી નથી. જૈન સમાજનો આજનો મોટો ભાગ ભીષણ દાવાનળમાં સળગી રહ્યો છે. એની દર્દવેદના એવાઓને સમજવી મુશ્કેલ થઇ પડે છે, કારણ કે એમો એને અનુભવ નથી અનેક જૈન કુટુંબો આજે અર્ધભૂખ્યાં સુવે છે, પેટનો ખાડો પુરવા અનેકને કુટુંબથી યે દૂર રહેવું પડે છે. શહેરોમાં પડી રહેવા એમને મકાન નથી. બાળકોને ભણાવવા પૈસા નથી. શાળા છાત્રાલયોમાં જગ્યા નથી. દીનહીન ચહેરે દોડધામ કરતા પોતના આ પુત્રોની દશા જોઇ ખુદ મહાપિતા પણ રડી ઉઠે એવી ઘણાની કરૂણ દશા હોય છે. આવી સ્થિતિમાં બાળક ટળવળતું હોય અને પિતાને માથે લાખોના મુગટ શોભતા હોય એ લાજમણ પિતાનું ગૌરવ ગણાતું હશે કે પુત્રનું એ જ સમજાતું નથી.

કુવામાં હોય તો જ અવાડામાં આવે. પુંજો સુખી હોય તો જ પિતાના ભંડારો અભરે ભરાશે. એમ ન બને ત્યાં સુધી તો નાણું મળશે પણ ટણું નહી મળે'ના અવાજો શૂળની જેમ ડંખ્યા જ કરે અને ઇર્ષ્યા ભાવ પણ ઉત્પન્ન કરે એ સ્વાભાવિક છે. યુગ બદલાયો છે, પરિસ્થિતિ વણસતી જાય છે એટલે સમાજે પણ પ્રણાલિકા ફેરવવી જોઇએ. મંદિરો—મૂર્તિઓ—દેવદ્રવ્ય વિગેરે બધું સમાજની કેડ ઉપર નભે છે, પણ જો સમાજની કેડ જ તૂટી પડી તો પછી એ નહિ તૂટી પડે એની શી ખાત્રી? મકાનની મરામત પાછળ એની શોભા પાછળ ધ્યાન આપીએ તો એના પાયા ઉપર તો ધ્યાન રાખવાની ખાસ જરૂર ગણાય, જો મકાનને તૂટી પડતું બચાવવું હોય તો. મનુષ્યને જ્યારે ધક્કો લાગે છે, વિપત્તિનાં વાદળ ઘેરાય છે, માર્ગ સુજતો નથી અને અકળામણ વધી જાય છે ત્યારે જ તે ક્રાંતિ કરવા લલચાય છે. જગતની અદ્‌ભૂત ક્રાંતિઓનો ઇતિહાસ વિરોધ અને અકળામણના ટાણે જ ઘડાયો છે. જો કે આજની ગરીબ જૈન જનતા દેવદ્રવ્યના વાપર સામે વિરોધ કરી શકે એવી જાગરૂકતા, હિંમત કે તેજસ્વિતા બતાવી શકે એવી સ્થિતિમાં એ નથી, પણ એથી એમના દિલમાં ખળભળાટ નથી એમ માનવાને કશું જ કારણ નથી.

જનતાના પીઠબળ સિવાય, એમના દિલમાં ઘોળાતા પ્રશ્નની વાસ્તવિકતા સમજાયા વિના કોઇને પણ ક્રાંતિનો વિચાર ઉદ્‌ભવતો જ નથી. મુશ્કેલી જણાય છે ત્યારે જ એમાંથી માર્ગ કાઢવાની વૃત્તિ જન્મે છે. એથી આજના સુધારકો કાંઇ પોતાના દિલમાં ઉઠેલા એકાદ તુફાનને ઉડાવી રહ્યા છે એમ નથી, પણ એની પાછળ સમાજની સમસ્યા ઉકેલવાની સુબુદ્ધિ રહેલી છે, બાકી આજના સુધારકો કોઇ ધર્મદુશ્મનો નથી. જેટલો ધર્મપ્રેમ રૂઢિચુસ્તોને હોય છે એથી જરાયે ઓછો પ્રેમ એમને નથી. બલ્કે એમનો શાસનપ્રેમ સમયજ્ઞતાને કારણે વિશેષ શોભી ઉઠે છે. જગપ્રવાહનું પણ એને પીઠબળ મળતું રહે છે એ પણ એક કારણ છે. જો કે સુધારકોનો આજનો પ્રયત્ન કેવળ અરણ્યરૂદનસમ નીવડે નોય તેથી કશું આશ્ચર્ય પામવાપણું નથી. નિરાશા કે ગભરાટને તો સ્થાન જ નથી. ભવિષ્યમાં સમાજ જે માર્ગે વળવાનો છે તેના પગરણરૂપે એ કાળ—બળની એંધાંણી તો નોંધાવે જ છે. વર્ષો પહેલાં જેનો કદી કોઇને પ્રશ્ન જ ઉઠતો નહોતો એ હજારોનો કોયડો બની ગયો છે. કાલે લાખોનો એ અગત્યનો પ્રશ્ન બનશે અને સમયબળ પારખી સમાજ એ માર્ગે જશે જ એવી શ્રદ્ધા સાથે માનવું પડે છે કે ગયા વિના એનો છુટકો જ નથી. એ ભાવીનું એંધાણ આપણે કેશરીયાજીના ૧૫ લાખના પ્રશ્ન વખતે જોઇ લીધું છે. ત્યારે અનેક જૈન વર્તમાનપત્રોએ તથા ડાહ્યા પુરૂષોએ છેવટે એ ૧૫ લાખ જૈન સમાજમાં કેળવણી પાછળ વપરાય એવું મન્તવ્ય પોકાર્યું હતું આજે એ પ્રશ્ન ઉકેલાઇ જવાથી એ ફરી મુગ બની બેઠા છે, પણ એમણે એ રીતે પોતાનું આંતરમાનસ તો વ્યક્ત કરી નાખ્યું હતું. એથી સમય આવ્યે એ બળનો પોકારતાં નહિ બચકાય.

હજુ આપણી લાગણી પરિપક્વ થઇ નથી. જે ધક્કો લાગવો જોઇએ તે હજુ લાગ્યો નથી. લાગશે ત્યારે સહેજમાં જ એ બળવો પોકારી ઉઠશે અને ત્યારે એના વેગને રોકનાર કોઇ જ નહિ હોય. છેલ્લાં પાંચ વર્ષના જગપ્રવાહમાં તણાઇ—ઇચ્છાએ કે અનિચ્છાએ—આપણે અનેક સુધારણાઓ જીવનમાં વણી લીધી છે એનો કોણ ઇન્કાર કરી શકે તેમ છે?

સરકારી ડખલગીરીની વાત કરીએ તો એ આપણને ગમતી નથી. ગમે પણ નહિ પણ એ આપણી જ ભુલોનું કારણ છે. કાં તો એ ભોગવવું રહ્યું. કાં તો સમાજે તાબડતોબ એને સુધારી નાખી પરિસ્થિતિ નિર્માણ કરવી રહી.

જો દેવદ્રવ્ય વધી જશે તો મહાપિતાના નામે જમા થયેલો એ દેવદ્રવ્યનો સંગ્રહ એ મહાપિતાના પુત્રો માટે કેળવણીની સંસ્થાઓ, યુનીવર્સીટીઓ—દવાખાનાંઓ—સસ્તા ભાડાની ચાલીઓ કે એવી જ બીજી પ્રવૃત્તિઓ ઉભી કરવા પાછળ વાપરી નાખવો પડશે અથવા તો એ મહાપિતાને પૂજનારા સરાક જાતિ જેવા નવ–સંતાનો ઉભા કરવા પાછળ વેડફી નાખવો પડશે એ બાબે જ્યાં જરૂર ન હોય છતાં નવાં નવાં કામો ઉભા કરી તાબડતોબ કડીયા, સુથાર, રંગારા કે સલાટો પાછળ વેડફી નાખવાની વૃત્તિ એ આભડછેટની બીકે હરિજનોને ખ્રીસ્તી ધર્મમાં મોકલવાની મુર્ખતા સાથે જ સરખાવી શકાય. પણ જ્યાં કેવળ જડતા, અંધશ્રદ્ધા, વહેમ અને નૈતિક હિંમતનો અભાવ હોય ત્યાં શું થાય?

શાસનદેવ સંઘને સદ્‌બુદ્ધિ અર્પે એવી પ્રાર્થના!

રતિલાલ મફાભાઇ શાહ.